**વિરમગામના મહે. એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ (આર.બી.મારફતીયા) સાહેબની કોર્ટમાં,તા.વિરમગામ,જી.અમદાવાદ**

**ક્રીમીનલ કેસ નં. ૧૯૦૪ /૨૦૨૫**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : રમણભાઈ લખમણભાઈ પઢાર**

# <u>:: જજમેન્ટ ::</u>

**<u>ગુનો : ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૬(૧)</u>**

આરોપી સામેના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરુ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુનો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં આપેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં પણ આરોપીએ તેમની સામેના ગુનાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલા છે કે, ગુનો કબુલ કરવા તે બંધાયેલા નથી. તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલા છે જેથી આરોપી તર્ફે કરવામા આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છિક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામા આવેલ છે અને આરોપીને તેમની વિરુધ્ધમાં આક્ષેપાયેલ **<u>ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)</u>** મુજબના શિક્ષાને પાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામા આવે છે.

વધુમાં આરોપી તર્ફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેઓને ગુનો કર્યાનો અફસોસ છે.

ના. ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદ ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પૂરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહુ ચુકાદામાં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદ રુપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે, તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું જે તમામ ચર્ચાના અંતે આ કામમાં હું નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

# **:: હુ ક મ ::**

આ કામના આરોપી/દરેક આરોપીઓને **ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)** મુજબનાં ગુના માટે તકસીરવાન ઠરાવી રૂ.**૨૦૦/–** અંકે રુપિયા **બસો** પૂરાનો દંડ કરવામાં આવે છે. વધુમાં જો દંડ ના ભરે તો દિન– **ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ સ્પે.સીંટીગ માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તાઃ–૧૩/૦૯/૨૦૨૫
વિરમગામ.

(આર.બી.મારફતીયા)
એડી.ચીફ.જયુડી.મેજી.,
વિરમગામ.
કોડ નં. GJ00633